Friday
26.12.2025
✳Volume :10 ✳ Issue No.168
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્ KAMALAM Daily

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે પંચકુલા, હરિયાણામાં 'ટકાઉ કૃષિમાં સહકારની ભૂમિકા' પર સહકારી પરિષદને સંબોધિત કરી

ઈતિહાસ, ધર્મ, આધ્યાત્મિકતા અને પરંપરાઓ સાથે જોડાયેલું હરિયાણા આજે કૃષિ અને સહકારી સંસ્થાઓ વચ્ચેના જોડાણ દ્વારા ખેડૂતોની સમૃદ્ધિના નવા પ્રકરણો લખી રહ્યું છે

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં સહકાર મંત્રાલયની સ્થાપના કરી અને 'સહકારથી સમૃદ્ધિ'નો નવો મંત્ર આપ્યો, સહકારને માત્ર રોજગાર સાથે જ નહીં પણ સમૃદ્ધિ સાથે પણ જોડ્યો

હરિયાણા જ પાકોની MSP પર ખરીદી કરનાર પ્રથમ રાજ્ય છે, જેમાં ખરીદી માટેની ચુકવણી ૪૮ કલાકની અંદર કરવામાં આવે છે

છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદીજીએ કૃષિ બજેટમાં પાંચ ગણો અને ગ્રામીણ વિકાસ બજેટમાં બે ગણો વધારો કર્યો છે

કેન્દ્રીય ગૃહ મંત્રીએ મિલ્ક ચિલિંગ સેન્ટર, હેફેડ (HAFED) ફ્લોર મિલનું ઉદ્ઘાટન કર્યું, રૂપે પ્લેટિનમ કાર્ડ્સનું વિતરણ કર્યું અને મોડેલ PACS (પેક્સ) ની નોંધણી કરી, અને આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ પર પોર્ટલનું ઉદ્ઘાટન કર્યું

પશુપાલન, કૃષિ અને સહકારને જોડીને 'સહકારથી સમૃદ્ધિ' પ્રાપ્ત કરવામાં આવી રહી છે

પાણીનો લઘુત્તમ વપરાશ, પ્રાકૃતિક ખેતી અને ઓછું જોખમ — આ આધુનિક કૃષિના ત્રણ સ્તંભો છે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં, કૃષિ ટકાઉપણું તરફ આગળ વધી રહી છે અને સબસિડી-નિર્ભરતાને બદલે નફો આપી રહી છે

કમલમ્,
કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ પંચકુલા, હરિયાણામાં 'ટકાઉ કૃષિમાં સહકારની ભૂમિકા' વિષય પર કૃષક ભારતી કોઓપરેટિવ લિમિટેડ (KRIBHCO - ક્રિભકો)દ્વારા આયોજિત સહકારી પરિષદને સંબોધિત કરી હતી. આ પ્રસંગે હરિયાણાના મુખ્યમંત્રીશ્રી નાયબ સિંહ સૈની, કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી શ્રીકૃષ્ણ પાલ ગુર્જર, સહકાર મંત્રાલયના સચિવ ડૉ. આશિષ કુમાર ભુતાની અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ જણાવ્યું હતું કે ઈતિહાસ, ધર્મ, આધ્યાત્મિકતા અને પરંપરાઓ સાથે જોડાયેલું હરિયાણા આજે કૃષિ અને સહકારી સંસ્થાઓ વચ્ચેના સહયોગ દ્વારા ખેડૂતોની સમૃદ્ધિના નવા પરિમાણો ધીરે ધીરે લખી રહ્યું છે. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષના અવસરે, ક્રિભકો દ્વારા આયોજિત આ કોન્ફરન્સમાં મિલ્ક ચિલિંગ સેન્ટર, હેફેડ ફ્લોર મિલ, રૂપે પ્લેટિનમ કાર્ડનું વિતરણ અને મોડેલ પેક્સના નોંધણી પ્રમાણપત્રો તેમજ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ પરના પોર્ટલનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. શ્રી અમિત શાહે જણાવ્યું કે દેશની આશરે ૭૦ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં વસે છે, અને આપણી વસ્તીનો મોટો હિસ્સો આજીવિકા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ, ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. જો કૃષિ અને પશુપાલનને સ્વતંત્ર વ્યવસાય તરીકે જોવામાં આવે તો આ ક્ષેત્રો મોટી સંખ્યામાં લોકોને રોજગારી પૂરી પાડે છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે દેશમાં સૌથી વધુ રોજગારી પેદા કરનારા બે ક્ષેત્રો કૃષિ અને પશુપાલન છે. જોકે, જ્યારે કૃષિ અને પશુપાલનને સહકાર સાથે જોડવામાં આવે છે, ત્યારે તે માત્ર ૧૨૫ કરોડ લોકોને રોજગારી જ નથી પૂરી પાડતું પરંતુ તેમને સમૃદ્ધ બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. કેન્દ્રીય સહકાર મંત્રીએ જણાવ્યું કે ગુજરાતમાં અમૂલ હાલમાં દર વર્ષે ૩૬ લાખ મહિલા દૂધ ઉત્પાદકોને અંદાજે ૯૦,૦૦૦ કરોડનું વિતરણ કરે છે. જો તેટલી જ માત્રામાં દૂધ બજાર ભાવે વેચવામાં આવે તો તે માત્ર ૧૨,૦૦૦ કરોડ જ મેળવી શકશે. તેમણે કહ્યું કે ૧૨,૦૦૦ કરોડ અને ૯૦,૦૦૦ કરોડ વચ્ચેનો તફાવત સહકારની શક્તિ દર્શાવે છે. એટલા માટે એવું કહેવાય છે કે પશુપાલન, કૃષિ અને સહકારને જોડીને 'સહકારથી સમૃદ્ધિ' પ્રાપ્ત કરી શકાય છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે કૃષિ અને પશુપાલનને હંમેશા માત્ર રોજગારના દૃષ્ટિકોણથી જોવામાં આવતું હતું, પરંતુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં સહકાર મંત્રાલયની સ્થાપના કરીને 'સહકારથી સમૃદ્ધિ'નો નવો મંત્ર આપ્યો છે, હવે સહકારને માત્ર રોજગાર સાથે જ નહીં પણ સમૃદ્ધિ સાથે પણ જોડવામાં આવી રહ્યો છે. શ્રી અમિત શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રી બન્યા પછી, શ્રી મોદીએ કૃષિના પાયાને મજબૂત કર્યો અને ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે સહકાર દ્વારા મજબૂત બનેલી કૃષિનો ઉપયોગ કર્યો. તેમણે જણાવ્યું કે પાણીનો ઓછો વપરાશ, ઓછા રસાયણો અને ઓછું જોખમ નવી કૃષિ નીતિનો પાયો છે. આમાં વૈજ્ઞાનિક સિંચાઈ પદ્ધતિઓ દ્વારા ઓછા પાણીમાં વધુ ઉપજ મેળવવી, પ્રાકૃતિક ખેતી દ્વારા ખાતરનો ઉપયોગ ઘટાડવો અને સોઈલ ટેસ્ટિંગ (જમીન પરીક્ષણ) દ્વારા ન્યૂનતમ જોખમ ધરાવતા પાકોની પસંદગીનો સમાવેશ થાય છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે સોઈલ હેલ્થ (જમીનનું સ્વાસ્થ્ય), જળ સુરક્ષા, સંસ્થાકીય ધિરાણ, બજારની પહોંચ અને ઉત્પાદનના પ્રોસેસિંગ, પેકેજિંગ અને માર્કેટિંગ દ્વારા ખેડૂતોની આવક વધારવા માટે પગલાં લેવા જોઈએ. આ સાથે જ, સબસિડી પર નિર્ભર ખેતી ધીમે ધીમે ટકાઉ ખેતી તરફ આગળ વધવી જોઈએ, જે લાંબા ગાળાનો નફો સુનિશ્ચિત કરે. તેમણે કહ્યું કે આ હેતુ માટે, સરકારે જળ અને જમીન સંરક્ષણ, તેમનું પરીક્ષણ, ઓર્ગેનિક ખેતી, આબોહવા-સ્થિતિસ્થાપક કૃષિ, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન અને સહકાર જેવા વિવિધ પાસાઓને પ્રોત્સાહન આપવા માટે કામ કર્યું છે. કેન્દ્રીય સહકાર મંત્રીએ જણાવ્યું કે ૨૦૧૪ માં જ્યારે શ્રી મોદી પ્રધાનમંત્રી બન્યા ત્યારે દેશનું કૃષિ બજેટ ૨૨,૦૦૦ કરોડ હતું, જે અમારી સરકાર દ્વારા વધારીને ૧,૨૭,૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. ગ્રામીણ વિકાસ બજેટ ૮૦,૦૦૦ કરોડ હતું, જે હવે વધારીને ૧,૮૭,૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આજે એવો કોઈ સરપંચ નથી— અને ચોક્કસપણે હરિયાણામાં તો નથી જ—જેને ગામના વિકાસ માટે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૦ કરોડ, ૨૦ કરોડ અથવા ? ૨૫ કરોડ ન મળ્યા હોય. આ વિકાસના અભિગમમાં થયેલ ખૂબ જ નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે પાક વીમો વધુ અસરકારક બનાવવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ દરેક ખેડૂતને વાર્ષિક ૬,૦૦૦ આપવામાં આવે છે. એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ ૧ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને ઈ-નામ (e-NAM) દ્વારા યોગ્ય ભાવ મળી રહ્યા છે. શ્રી અન્ન મિશન, કઠોળ અને તેલીબિયાં મિશન અને ડેરી સેક્ટરની સર્ક્યુલર ઈકોસિસ્ટમ જેવી પહેલો પણ હાથ ધરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે આશરે ૧ લાખ કરોડ દ્વારા — જે રકમ યોજના પૂર્ણ થવા સુધીમાં ૯૩,૦૦૦ કરોડથી વધીને ૧ લાખ કરોડ થઈ જશે — પાછલા દસ વર્ષોમાં વધારાની ૧ લાખ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ લાવવામાં આવી છે. શ્રી શાહે વધુમાં જણાવ્યું કે કૃષિ અને પશુપાલન પેદાશોનો સંપૂર્ણ નફો ખેડૂત સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી અમિત શાહે જણાવ્યું કે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS - પેક્સ) માટે મોડેલ પેટા-નિયમો તૈયાર કરવામાં આવ્યા છે, અને ખેડૂતોને બહુહેતુક પેક્સના પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે. ખાતર વિતરણ, જંતુનાશક વિતરણ, કૃષિ પેદાશોની સફાઈ, ગ્રેડિંગ અને માર્કેટિંગ, દવાની દુકાનો, પેટ્રોલ પંપ, ગેસ એજન્સીઓ અને પાણી વિતરણને પેક્સ સાથે જોડવામાં આવ્યા છે. લગભગ ૩૦ વિવિધ ક્ષેત્રોને પેક્સ સાથે સંકલિત કરીને, સરકારે તેમને મજબૂત બનાવ્યા છે. શ્રી શાહે કહ્યું કે રાષ્ટ્રીય સ્તરે ત્રણ મલ્ટિ-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટીઓની સ્થાપના કરવામાં આવી છે — ખેડૂતોની પેદાશોની નિકાસ માટે નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL), ઓર્ગેનિક ઉત્પાદનોના માર્કેટિંગ અને પ્રમાણપત્ર માટે નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL), અને બીજ ઉત્પાદન, ખરીદી અને વિતરણ માટે ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL). તેમણે જણાવ્યું કે આ પહેલોએ ખેડૂતોની આવક વધારવા માટે મજબૂત પાયો નાખ્યો છે. કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે જ્યારે અમૂલની સ્થાપના થઈ હતી, ત્યારે તે દરરોજ માત્ર ૨,૦૦૦ લિટર દૂધ એકત્રિત કરતું હતું. આજે, તે સમગ્ર દેશમાં દરરોજ કરોડો લિટર દૂધ (દરરોજ આશરે ૩ કરોડ લિટર) એકત્રિત કરે છે અને તેનું ટર્નઓવર આશરે ૧,૨૩,૦૦૦ કરોડ છે. શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ૧૫ વર્ષ પછી દેશમાં અમૂલ જેવી ઓછામાં ઓછી ૨૦ સંસ્થાઓ હશે, જે ખેડૂતો માટે કામ કરતી મજબૂત સહકારી સંસ્થાઓ હશે. તેમણે જણાવ્યું કે હરિયાણા સરકારે શેરડીના ખેડૂતોને સૌથી વધુ ભાવ આપ્યા છે, અને નાયબ સિંહ સૈની સરકારે હરિયાણાના ખેડૂતોને સમૃદ્ધ બનાવ્યા છે, જે સૌથી મોટી ઉપલબ્ધિ છે. શ્રી અમિત શાહે જણાવ્યું કે દેશમાં ઘણી કંપનીઓ ટેક્સી સેવાઓ ચલાવે છે, પરંતુ નફો ડ્રાઈવરોને બદલે માલિકોને જાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે સહકાર મંત્રાલયની પહેલ હેઠળ, ટૂંક સમયમાં 'ભારત' ટેક્સી લોન્ચ કરવામાં આવશે, અને સમગ્ર નફો અમારા ડ્રાઈવર ભાઈઓને જશે. આનાથી ટેક્સી ડ્રાઈવરો માટે અનેક નવી રોજગારીની તકો ખુલશે. તેમને વીમાની સુવિધાઓ મળશે, તેમની ટેક્સીઓ પર જાહેરાતોની મંજૂરી આપવામાં આવશે અને અંતે તમામ નફો તેમને જશે. સહકાર મંત્રીએ જણાવ્યું કે આનાથી ગ્રાહકોની સુવિધા વધશે અને ટેક્સી ડ્રાઈવરો પણ સમૃદ્ધ બનશે. શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તે ટૂંક સમયમાં ભારતની નંબર વન ટેક્સી ઓપરેટિંગ કંપની બની જશે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારતમાં સહકારી ચળવળ આશરે ૧૨૫ વર્ષ જૂની છે, પરંતુ શ્રી મોદી દ્વારા લેવામાં આવેલી પહેલ તેને નવી ઊંચાઈઓ પર લઈ જશે, ખાસ કરીને તેને ગ્રામીણ વિસ્તારોમાં સમૃદ્ધિનું મુખ્ય ચાલક બળ બનાવશે. કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે હરિયાણાએ હંમેશા દેશની ખાદ્ય સુરક્ષા, દૂધ ઉત્પાદન અને રમતગમતમાં દેશ માટે ચંદ્રકોનો પ્રવાહ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. પછી તે યુદ્ધનું મેદાન હોય કે રમતનું મેદાન, હરિયાણાના ખેડૂતો, સૈનિકો અને રમતવીરોએ દરેક મોરચે આપણા ત્રિરંગાનું ગૌરવ જાળવી રાખ્યું છે. તેમણે કહ્યું કે આપણને હજુ પણ એ સમય યાદ છે જ્યારે ઓછી વસ્તી હોવા છતાં દેશને ખોરાક માટે વિદેશથી લાલ ઘઉંની આયાત કરવી પડતી હતી. આ હરિયાણા અને પંજાબની ભૂમિ છે જેણે દેશને અનાજમાં આત્મનિર્ભર બનાવ્યો અને વૈશ્વિક સન્માન અપાવ્યું. શ્રી શાહે જણાવ્યું કે નાનું રાજ્ય હોવા છતાં, હરિયાણા સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ અને ત્રણેય સશસ્ત્ર સેવાઓમાં પ્રમાણસર સૌથી વધુ જવાનોનું યોગદાન આપે છે, અને તેમની બહાદુરીને કારણે ભારતના સશસ્ત્ર દળો અને સુરક્ષા દળોએ અસંખ્ય હુમલાઓને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા છે. તેમણે જણાવ્યું કે હરિયાણાના પ્રચંડ રમતવીરો દરેક રમતગમતમાં દેશને મેડલ ટેલીમાં ટોચ પર લઈ જાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશમાં ખેલ પીપલ્સ મૂવમેન્ટ બની:કેન્દ્રીય સ્પોર્ટ્સ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ચ્યુઅલી દેશભરમાં જુદા જુદા સ્થળોએ સંસદ ખેલ મહોત્સવમાં સહભાગી બનેલા રમતવીરો સાથે સંવાદ સાધી, ખેલના મેદાનમાં ભારતનો પરચમ લહેરાવવા પ્રેરિત કર્યા

અમદાવાદ ખાતે ૨૦૩૦માં યોજનાર કોમનવેલ્થ ગેમ્સ અને ઓલમ્પિક- ૨૦૩૬ને ધ્યાન રાખી ભારત સરકારની ૨૫૦૦૦ જેટલા ખેલાડીઓ તૈયાર કરવાની નેમ

કમલમ્, જૂનાગઢ
કેન્દ્રીય સ્પોર્ટ્સ અને યુવા બાબતોના મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા અધ્યક્ષ સ્થાને પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫ના સમાપન સમારોહમાં જણાવ્યું હતું કે, અમદાવાદ ખાતે ૨૦૩૦માં યોજનાર કોમનવેલ્થ ગેમ્સ અને ઓલમ્પિક ૨૦૩૬ ને ધ્યાન રાખી ભારત સરકારની ૨૫૦૦૦ જેટલા ખેલાડીઓ તૈયાર કરવાની નેમ છે, આ માટે ભારત સરકાર જરૂરી રોડમેપ બનાવવામાં આવ્યો છે સાથે જ ખેલાડીઓના કૌશલ્યો વધુ નિખારે તે માટે સ્પોર્ટ્સ ટેકનોલોજીના ઉપયોગ, કોચિંગ સહિતની જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જૂનાગઢ ખાતેના સરદાર પટેલ સંકુલ ખાતે આયોજિત આ સમાપન સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી વર્ચ્યુઅલી જોડાયા હતા અને દેશભરમાં જુદા જુદા સ્થળોએ સંસદ ખેલ મહોત્સવમાં સહભાગી બનેલા રમતવીરો સાથે સંવાદ સાધી, ખેલના મેદાનમાં ભારતનો પરચમ લહેરાવવા માટે પ્રેરણા પૂરી પાડી હતી, તેમણે રમત ગમતના સંદર્ભમાં યુવા નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ પણ વાત કરી હતી. કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતુ કે, રમત રમતના ક્ષેત્રમાં કોઈપણ ખેલાડી વિજેતા બને છે અને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે જ્યારે ભારતનો તિરંગો ફહેરાવે ત્યારે તે ગૌરવ માત્ર ખેલાડી પૂરતું સીમિત ન રહેતા સમગ્ર ભારતના ૧૪૦ કરોડ લોકો ગૌરવ અનુભવે છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સાંસદ ખેલ મહોત્સવના માધ્યમથી જન પ્રતિનિધિઓને સીધું રમતવીરો અને યુવાનો સાથે જોડાવાનો અવસર મળ્યો છે, પોરબંદર લોકસભા હેઠળના ૭ વિધાનસભા ક્ષેત્રોના ૧૨ થી ૮૨ વર્ષના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક જુદી જુદી રમતોમાં સહભાગી બની ખેલ સંસ્કૃતિને આગળ વધારી છે. આ સાંસદ ખેલ મહોત્સવમાં ૩૮૦૦૦ જેટલા રમતવીરોએ રજીસ્ટ્રેશન કર્યું હતું. ખેલ દ્વારા સંસ્કારોનું પણ સિંચન થાય છે, સ્પોર્ટ્સમેન સ્પિરિટ વિકસવાની સાથે રમત હાર પચાવતા પણ શીખવે છે. રમતના મેદાનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મેરીટના ધોરણે વિજેતા બને છે. તેમણે કહ્યું કે, ખાસ ગ્રામીણ વિસ્તારમાં ખડતલ, મહેનતુ અને મજબૂત બાંધાના લોકો હોવાથી ખેલના મેદાનમાં પંચમ લહેરાવવાની પૂર્ણક્ષમતાઓ રહેલી છે, તેને સાંસદ ખેલ મહોત્સવ એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. તેમણે એમ પણ ઉમેર્યું કે, સાંસદ ખેલ મહોત્સવ દરમિયાન ખેલાડીઓના કૌશલ્યોના નિરીક્ષણ માટે સ્પોર્ટ્સ ઓથોરિટીના અધિકારીઓને મોકલવામાં આવ્યા છે, જે કૌશલ્યવાન ખેલાડીઓની નોંધ કરી તેમને રમતગમત ક્ષેત્રે આગળ વધારવા માટે ભારત સરકાર પૂરતી સહાય અને સુવિધાઓ આપશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનું શાબ્દિક સ્વાગત કરી વર્ચ્યુઅલ કાર્યક્રમનું સંચાલન કરતા કહ્યું હતું કે, ખેલ વિકલ્પ નથી પણ રાષ્ટ્રીય પ્રાથમિકતા છે, સમગ્ર ભારતમાં ૨૯૦ સાંસદોએ ખેલ મહોત્સવનું આયોજન કર્યું હતું, તેમાં એક કરોડથી વધુ પ્રતિભાગીઓ જોડાયા હતા. સાથે જ વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી દેશમાં ખેલ પીપલ્સ મૂવમેન્ટ બની છે. તેમ જણાવ્યું હતું. રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ રમત રોજબરોજના જીવનનો અભિન્ન ભાગ બને તેવો સંકલ્પ લેવાનો અનુરોધ કરતા જણાવ્યું હતું કે, શરીરને જેટલી ઊંઘ અને આરામની જરૂર છે, તેટલા જ શ્રમ અને પરસેવો પાડવાની પણ જરૂરિયાત છે, મેદાનમાં રમતો રમવાથી જરૂરથી સ્વાસ્થ્ય સારું બને છે. તેમણે એમ પણ કહ્યું કે, સાંસદ ખેલ મહોત્સવ વગેરે અભિયાન દ્વારા રમત ગમત માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું થયું છે. ખાસ અહીંના સશક્ત અને મહેનતુ લોકો માં રમત ગમતના ક્ષેત્રે આગળ વધી શકે તે માટે પૂરી ક્ષમતા રહેલી છે. કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે સાંસદ ખેલ મહોત્સવના વિજેતા ખેલાડીઓ અને ટીમોને પ્રમાણપત્ર ટ્રોફી અને મેડલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ વિજેતા ખેલાડી કુ. પ્રિયંકાબેન ગોસ્વામીની વિશેષ પ્રોત્સાહક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણા એ શાબ્દિક સ્વાગત અને આભાર વિધિ સાવજ ડેરીના ચેરમેન શ્રી દિનેશભાઈ ખટારિયાએ કરી હતી. આ પ્રસંગે મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી અરવિંદભાઈ લાડાણી, ધોરાજીના ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ પાડલીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રીમતી પલ્લવીબેન ઠાકર,

કમિશનર શ્રી તેજસ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી આકાશભાઈ કટારા, શાસક પક્ષના નેતા શ્રી મનન અભાણી, ઉપરાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી ગૌરવભાઈ રુપારેલીયા, જેડીસીસી બેંકના ચેરમેન શ્રી કિરીટભાઈ પટેલ, અગ્રણી શ્રી પુનિતભાઈ શર્મા સહિતના પદાધિકારી- અધિકારી અને રમતવીરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

નવીનીકરણીય ઊર્જાક્ષેત્રમાં ગુજરાતેએક વધુઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરીછે. રાજ્યએ પલાખથી વધુરહેણાંક રૂફટોપસોલાર સિસ્ટમ્સ સ્થાપિત કરીને કુલ ૧૮૭૯ મેગાવોટની સ્થાપિત ક્ષમતા પ્રાપ્ત કરી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી "પીએમ સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના" હેઠળ પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ, રૂફટોપ સોલાર અપનાવવામાં ગુજરાતના નેતૃત્વને સ્પષ્ટ રીતે દર્શાવે છે. રાજકોટમાંઆયોજિત થનાર આવનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ-સૌરાષ્ટ્ર દરમિયાન આ સફળતાની ગાથામુખ્ય આકર્ષણ બનશે. વધુમાં, ગુજરાતે અત્યાર સુધીમાં વિવિધયોજનાઓ હેઠળ કુલ ૧૧ લાખથી વધુ સોલાર રૂફટોપ ઈન્સ્ટોલેશન પ્રાપ્ત કર્યું છે, જે દેશના રિન્યુએબલ ઉર્જા ક્ષેત્રે અગ્રેસર રાજ્ય તરીકે તેનું સ્થાન વધુ મજબૂત બનાવે છે. આ સિદ્ધિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાવિઝન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જેમનીસક્રિય નીતિઓ અને નાગરિક-પ્રથમ અભિગમેગુજરાતને નવીનીકરણીય ઉર્જામાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી બનાવ્યું છે. ગુજરાતે દેશભરમાંછત સોલાર ઈન્સ્ટોલેશનમાંનંબર ૧ સ્થાન જાળવ્યું છે, જે નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રેતેના નેતૃત્વની પુષ્ટિ કરે છે. ગુજરાતે માર્ચ ૨૦૨૭ સુધીમાં ૧૦ લાખ રહેણાંક રૂફટોપ સોલાર સિસ્ટમ્સસ્થાપિત કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યોછે, જેમાંથી રાજ્ય પહેલેથીજ ૫૦ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરીચૂક્યું છે.

કમલમ્,

પાટણ લોકસભા દ્વારા આયોજિત જિલ્લા સાંસદ ખેલ મહોત્સવ–૨૦૨૫ નું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની વર્ચ્યુઅલ અને ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ની ઉપસ્થિતિમાં APMC હોલ ખાતે સમાપન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં શ્રી ભરતસિંહ ડાભી, શ્રીમતી રમીલાબેન બારા, હેતલબેન ઠાકોર, શ્રી રમેશભાઈ સિંધવ, શ્રી લવિંગજી ઠાકોર, શ્રી કે સી પટેલ, હિરલબેન પરમાર, શ્રી મોહનભાઈ પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ તેમજ રમતગમત અધિકારી, શિક્ષણ અધિકારી અને ભાજપ સંગઠનના વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામા ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ દરમિયાન વિજેતા ખેલાડીઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા. આ ખેલ મહોત્સવથી જિલ્લામાં રમતગમત સંસ્કૃતિને વેગ મળ્યો છે. રમતગમત શારીરિક તંદુરસ્તી સાથે શિસ્ત, ટીમભાવના અને નેતૃત્વ વિકસાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "ખેલો ઈન્ડિયા" વિઝન મુજબ આવા ખેલ મહોત્સવે યુવા શક્તિને સકારાત્મક દિશામાં આગળ વધારે છે.

જિલ્લા કલેકટરશ્રી મેહુલ કે.દવેની અદયક્ષતામાં ગાંધીનગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

કમલમ્,

જિલ્લાકલેક્ટર શ્રી મેહુલ કે.દવેની અધ્યક્ષતામાંકલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકારના લોકાભિમૂખુ અભિગમને આધારિત આકાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોના પ્રશ્નોનું સમયસર અને અસરકારક નિરાકરણ લાવવાનો છે. આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ દરમિયાન જિલ્લામાંથી નાગરિકોએ કરેલી વ્યક્તિગત તેમજ જાહેર હિતને લગતી ૧૨ ફરિયાદોની સંબંધિત વિભાગો તેમજ અરજદારોની રૂબરૂમાં વિગતવાર ચર્ચા કરવામાં આવીહતી. અરજદારો બાંધકામ દબાણ, રસ્તાનારિપેરિંગ, જમીન માપણી જેવાપ્રશ્નોની રજુઆત કરી હતી. આ તમામ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરાયું હતું. કલેક્ટરશ્રીએ જિલ્લાનાઅમલીકરણ અધિકારીઓને સુચના આપી કે, નાગરિકોની ફરિયાદો પ્રત્યે સંવેદનશીલ અભિગમ રાખી, સરકારની માર્ગદર્શિકા મુજબ ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવે.તથા અરજદારોની સામેનહીંસાથેરહી તેમનીસમસ્યાનો ઉકેલકરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સંલગ્ન વિભાગના અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા

કમલમ્,

કડાણા તાલુકાના ભાઠીયા ખાતે શૂરવીર અગ્નિવીરો તથા તેમના પરિવારજનો નું ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે સ્વાગત સન્માન કર્યું અને દેશસેવામાં સમર્પિત અગ્નિવીરો સાથે પ્રેરણાદાયી અને દેશ ભક્તિસભર સંવાદ સાધ્યો. માનનીય પ્રધાનમંત્રી શ્રી Narendra Modi અને માનનીય ગૃહ મંત્રી શ્રી Amit Shah ના નેતૃત્વ હેઠળ દેશની સેનાને વધુ સશક્ત બનવવા અવિરત પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે દેશના સૈન્ય જવાનોના સન્માન કરવાની ગૌરવભરી તક પ્રાપ્ત થઈ. માતૃભૂમિની રક્ષા માટે પોતાના સુપુત્રોને દેશસેવામાં સમર્પિત કરનાર તમામ વીર માતાઓને શત-શત નમન અને ગોપી રામામંડળ મલેકપુર દ્વારા રામદેવજી મહારાજનું આખ્યાન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, પૂર્વ કડાણા મંડળ પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, અંબાલાલ પટેલ, સચિન શાહ, કાર્યકર્તાઓ અને ગામજનો હાજર રહ્યાં હતાં.

ટીબી મુકતભારત અંતર્ગતરાજ્યમાં ચાલીરહેલી કામગીરીની સમીક્ષા કરતારાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

દરેક ટી.બી. દર્દી સુધી સમયસર યોગ્ય સારવાર અને પૂરતું પોષણ પહોંચે, તે માટે સતત પ્રયત્નો જરૂરી છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાદેશને ટી.બી. મુક્ત બનાવવાના દ્રઢ સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત રાજ્ય દ્રઢતા પૂર્વક કાર્ય કરી રહ્યુંછે. રાજ્યમાં વર્ષ ૨૦૨૪માં ટી.બી.ના ૧,૩૭,૮૯૬ દર્દીઓ નોંધાયા હતા, જ્યારે ચાલુ વર્ષે ૧,૧૨,૯૮૧ નવા દર્દીઓ નોંધાયા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે લોકભવન ખાતે આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની સાથે ગુજરાત રાજ્યમાં ચાલી રહેલા ટી.બી. નિયંત્રણ કાર્યક્રમોની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી. બેઠક દરમિયાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતુંકે, ટી.બી. સામેની લડતને સરકારી અભિયાનથીઆગળ લઈ જઈને જનઆંદોલન બનાવવું અનિવાર્ય છે. સમાજના દરેક વર્ગની જાગૃત અને સક્રિય ભાગીદારી આઅભિયાનની સફળતાનું મુખ્ય આધારસ્તંભ છે. માનનીય રાજ્યપાલે વધુમાં જણાવ્યું કે, દરેક ટી.બી. દર્દી સુધી સમયસર યોગ્ય સારવાર અને પૂરતું પોષણ પહોંચે, તે માટે સતત પ્રયત્નોજરૂરી છે, જેથી ગુજરાત ટૂંક સમયમાં ટી.બી. મુક્ત રાજ્ય બનીને દેશ માટે એક પ્રેરક મોડેલ રજૂ કરી શકે. આરોગ્ય વિભાગદ્વારા ટીબીનાદર્દીઓની સારવાર અને ફોલોઅપ પ્રોટોકોલઅનુસરવામાં આવેછે, જેમાંદર્દીઓનું સમયસર ફોલોઅપ અને મૂલ્યાંકન કરવામાંઆવે છે. આરોગ્ય સમીક્ષાકેન્દ્ર દ્વારા વર્ષ ૨૦૨૫માં દર્દીઓને ૧,૧૯,૨૫૯ કોલકરવામાં આવ્યાછે. નિક્ષય પોષણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪માં ૧,૨૦,૬૨૯ ટીબી દર્દીઓને રૂ.૪૮.૩૦ કરોડની સહાય આપવામાં આવી હતી, તેમજ ચાલુ વર્ષે ૮૭,૦૨૫ દર્દીઓને રૂ.૪૬.૩૦ કરોડનીસહાય ચૂકવવામાં આવી છે. રાજ્યમાં ટીબીનીસારવાર માટે ૨,૩૫૧ નિશુલ્ક માઈક્રોસ્કોપી સેન્ટર, ૩ ટીબી કલ્ચર લેબ, 74 CBNAAT મશીન, અને 326 TRUENAT મશીનો ઉપલબ્ધ છે. આ બેઠકમાંઆરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, રાજભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, આરોગ્ય નિયામક ડૉ. રતનકંવર ગઢવી ચારણ તેમજ આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિતરહ્યા હતા.

ગાંધીનગરના 'ચ-૦૩' સર્કલનું 'અટલ સર્કલ' તરીકે લોકાર્પણ

મેયરશ્રીની ગ્રાન્ટમાંથી નિર્મિત અટલજીની ૧૨ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમાનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનાવરણ

કમલમ્,

ભારતનાપૂર્વ વડાપ્રધાન અને ભારતરત્નશ્રદ્ધેય શ્રીઅટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ (સુશાસન દિવસ) નિમિત્તેગાંધીનગર શહેરને વધુ એક નવું નજરાણું પ્રાપ્ત થયું છે. રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાવરદ હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા 'ચ-૦૩' સર્કલનુંનવીનીકરણ કરીતેને 'અટલસર્કલ' (સુશાસન સર્કલ) તરીકે જાહેર જનતા માટે લોકાર્પિત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ તકે સર્કલ પર સ્થાપિત અટલજીની ભવ્ય કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરી ભાવભીની અંજલિ અર્પી હતી. આ પ્રોજેક્ટની મુખ્ય વિશેષતા શ્રી અટલ બિહારી વાજપેયીજીની ૧૨ ફૂટ ઊંચાઈ ધરાવતી બ્રોન્ઝ ધાતુની મૂર્તિ છે, જેની ડિઝાઈન દેશના સુપ્રસિદ્ધ શિલ્પકાર ડો. રામ વાનજી સુથાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવાનો સંપૂર્ણ ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ ના બજેટમાં મેયરશ્રીને ફાળવવામાંઆવેલ લોકસુવિધાઅને વિકાસકામોની ખાસ ગ્રાન્ટ અંતર્ગત કરવામાં આવ્યો છે. સમગ્ર સર્કલના નવીનીકરણ પાછળ આશરે રૂ.૧.૧૯ કરોડનો ખર્ચ થયોછે, જેમાંઆકર્ષક લેન્ડસ્કેપિંગ, ફેન્સિંગ અને પ્લાન્ટેશનનો સમાવેશ થાય છે. આ લોકાર્પણ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિરહી હતી. અતિથિવિશેષ તરીકે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ હાજર રહ્યા હતા. આ ઉપરાંત, વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર (ઉત્તર) ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (દક્ષિણ) ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ધારાસભ્યશ્રી રમણલાલ વોરા, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્થાયી સમિતિના ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસક પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રીમતી સેજલબેન પરમાર તથા મ્યુનિસિપલ કમિશનર શ્રી જે.એન. વાઘેલા (IAS) સહિતના મહાનુભાવો ઉપસ્થિતરહ્યા હતા. નવનિર્મિત 'અટલસર્કલ' ગાંધીનગર શહેરની સુંદરતામાં વધારો કરવાની સાથે નગરજનો માટે પ્રેરણાસ્રોત અને રસ્તાઓની નવીઓળખ તરીકે ઉભરી આવશે.

સુશાસન દિવસ નિમિત્તે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ઓનલાઈન સહભાગી થતા ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી સહિત વહીવટી તંત્રના અધિકારીઓ

કમલમ્,

પરમ શ્રદ્ધેય પૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિના અવસરપર ૨૫મીડિસેમ્બરને "સુશાસન દિવસ" તરીકે ઉજવવાના ભાગરૂપેરાજ્ય સરકાર દ્વારા સત્તાવાર કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. આઓનલાઈન કાર્યક્રમમાંકલેક્ટર કચેરી, ગાંધીનગરના સભાખંડ ખાતેથી જિલ્લાના અધિકારીઓ ઓનલાઈન માધ્યમ દ્વારાજોડાયા હતા.જેમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રીમેહુલ કે. દવે ની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે પટેલ સહિત નિવાસી અધીક કલેક્ટરશ્રી તેમજ જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સુશાસન, પારદર્શક વહીવટ, જન કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલ તથા જનસેવા સંબંધિત મુદ્દાઓ અંગે મુખ્યમંત્રીશ્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુશાસન દિવસના અવસરે ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી ની અધ્યક્ષતામાં રાજ્ય સરકારની માર્ગદર્શિકા અનુસાર કાર્યક્ષમ, પારદર્શક અને જનકેન્દ્રિતશાસન પ્રણાલીને વધુસશક્ત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મહાન કવિ,કુશળ લેખક,ઉત્કૃષ્ટ વકતા, સફળ રાજનેતા એવા દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન અટલબીહારી વાજપેયીની જન્મજયંતિ

અટલજીને કોટી કોટી વંદન કરતા ધારાસભ્ય ઉદય કાનગડ

ભારતીય રાજનિતીના નોખા–અનોખા રાજનેતા અટલજી વચન, પ્રવચન, અને આચરણ ના આકદમ પુરૂષ હતા : અટલજીની પાંચ દશક લાંબી રાજકીય યાત્રા, રાજનિતી ક્ષેત્રે સૌ કોઈ માટે પ્રેરણાદાયી બની રહી હતી

અટલજીએ માત્ર રાજકીય વિચારધારા સાથે નહી પરંતુ રાષ્ટ્રવાદની વિચારધારા અને સર્વજન હિતાય, સર્વજન સુખાય સાથે રાષ્ટ્ર માટે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યુ હતું

કમલમ્,

દેશના પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અને ભારતરત્ન અટલબીહારી વાજપેયીનો તા.૨૫ ડીસેમ્બરના રોજ જન્મદિવસ છે ત્યારે વિધાનસભા ૬૮–રાજકોટના ધારાસભ્ય ઉદયકાનગડએ શ્રદ્ધેય શ્રી અટલબીહારી બાજપાઈજીને શત શત નમન કરતા જણાવેલ કે શ્રદ્ધેય અટલજી બિહારી વાજપેયીનોજન્મતા.૨૫ ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ ગ્વાલીયરના બ્રાહમણ પરિવારમાં થયો હતો. પોતાના જીવનકાળદરમ્યાન અનેક ઉતાર– ચઢાવનોઅનુભવ કરનાર અટલજી બચપણમાં વિદ્યાર્થી પ્રવૃતિઓથી લઈને આર.એસ.એસ.નાસ્વયંસેવક અને ત્યારબાદ સંઘના પ્રચારક બની ગયા. સંઘમાંથી જનસંઘમાં ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના યુવા સાથી બની રાજનિતીમાં પદાર્પણ કર્યુ. સત્યાગ્રહો–આંદોલનોમાં સક્રિય રહયા. જનસંઘ પછી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ બન્યા. ૧૯૭૭માં જનતા પક્ષની સરકારમાં વિદેશ પ્રધાન અને લગાતાર ત્રણ–ત્રણ વાર ભારતના વડાપ્રધાન બન્યા. ૧૯૯૩માં કાનપુરની વિશ્વ વિદ્યાલયે માનદ ડોકટરની ડીગ્રી એનાયત કરી. ૧૯૯૯માં પ્રસિધ્ધ લોકમાન્ય તિલક એવોર્ડ આપવામાં આવ્યો. ૧૯૯૮માં દેશની સંસદે તેઓને સર્વસંમતિથી સવર્શ્રેષ્ઠ સાંસદનો ઉચ્ચ ખિતાબ આપ્યો. ૨૦૧૪માં તેમને 'ભારત રત્ન' પુરસ્કારથી નવાજવામાંઆવ્યા.આમ અટલજી એક મૂલ્યનિષ્ઠ રાજનેતાની સાથોસાથ ઉતમ વકતા, ઉમદા લેખક, વિચારવાન વિચારક અને સાચાઈન્સાન તોહતા જ પરંતુ એક સંવેદનશીલ કવિ પણ હતા.તેઓ પ્રજાસતાક ભારતના ૧૦માં વડાપ્રધાન તરીકે અલગ–અલગ ત્રણ સમય ગાળા માટે પ્રધાનમંત્રી પદેરહીચૂકયાહતા. અટલજી માત્ર રાજકીય વિચારધારા સાથે નહી પરંતુ રાષ્ટ્રવાદનીવિચારધારા અને સર્વજન હિતાય, સર્વજન સુખાય સાથે રાષ્ટ્ર માટે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યુછે,અટલ બિહારી વાજપેયી એક પ્રભાવશાળી નેતા અને મહાન વકતા હતા, જેઓ વિવિધ પુષ્ઠભૂમિ અને વિચારધારાઓના લોકોને સાથે લાવવાની તેમની ક્ષમતા માટે જાણીતા હતા.કઠિન પરિસ્થિતિઓમાં પણ શાંતિ,સંયમ અને સંવાદને મહત્વ આપનાર અટલજી એ ભારતને વૈશ્વિક મંચ પર ગૌરવ અપાવ્યું હતું. વિકાસ, સુરક્ષા અને સુશાસનના તેમના સિધ્ધાંતો આજે પણ દેશની નીતિઓને દિશા આપે છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના સ્થાપક સભ્ય હતાઅને પાર્ટીના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. અટલબિહારી વાજપેયી એક કવિ અને લેખક હતા, તેમની કવિતા તેમની ઉંડાઈ અને સુંદરતા માટે વ્યાપકપણે વખણાઈ હતી. રાષ્ટ્ર પ્રત્યે તેમના યોગદાનની માન્યતામાં તેમને ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારતરત્ન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અટલજીએ લોકોને મોટા સપના જોવા અને તેમના ધ્યેયો હાંસલ કરવા સખત મહેનત કરવાની પ્રેરણા આપી હતી અને ભારતના વિકાસ અને પ્રગતિમાં તેમના યોગદાનને હંમેશા યાદ રાખવામાં આવશે. અટલજી ભારતના સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવવાના મહત્વમાં માનતા હતા અને કલા અને સાહિત્યના આશ્રયદાતા હતા. અટલ બિહારી વાજપેયીને તેમની પ્રમાણિકતા અને જાહેર સેવા પ્રત્યેની પ્રતિબધ્ધતા માટે સમગ્ર રાજકીય સ્પેકટ્રમના લોકો ધ્વારા ઉંડો આદર અને પ્રશંસા કરવામાં આવી હતી. તેમનો વારસો ભારત અને સમગ્રવિશ્વમાં લોકોને પ્રેરણા આપતો રહે છે અનેતેમને ભારતના મહાન નેતાઓમાંના એક તરીકે હરહંમેશ યાદ કરવામાં આવશે. તેમજ અટલજીનું રાજકીય વ્યકિતત્વ હંમેશા વિવાદોથી પર રહયું હતું.તેઓ અજાતશત્રુ હતા. ભારતીય રાજનિતીના નોખા–અનોખા રાજનેતાઅટલજી વચન, પ્રવચન, અને આચરણ ના આકદમ પુરૂષ હતા.અટલજીની પાંચ દશક લાંબી રાજકીય યાત્રા, રાજનિતી ક્ષેત્રે સૌકોઈ માટેપ્રેરણાદાયી બની રહીહતી ત્યારે અટલજી ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારાના જીવંતપ્રતિક સમાન હતા.વડાપ્રધાન તરીકેતેમણે દેશની જનતામાં એક અમિટ છાપ છોડી લાખો લોકોનાહદયમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છેઅને કાર્યકર્તામાંઘડતર અને રાષ્ટ્રવાદની ભાવનાનું સિંચન કર્યુ છે. આજે સમગ્ર દેશ પોતાના ભારતરત્ન અટલજીને એક આદર્શ વિભૂતિ તરીકેયાદ કરીરહયો છે. અટલજીએ પોતાની સરળતા અને સહજ તાથી કરોડો ભારતીયોના હદયમાંએક અનોખુંસ્થાન બનાવ્યું હતુ. સમગ્ર દેશ અટલજીના યોગદાન પ્રત્યે કૃતજ્ઞછે. અટલજીનું સમગ્ર જીવન સુશાસન, એકતા અને પ્રગતિના સિધ્ધાંતોને મૂર્તિમંત કરે છેત્યારે તેમના ઉચ્ચ આદર્શોને જીવનમાં ઉતારીને દેશસેવાના માર્ગે અવિરત આગળ વધીએ તેમ શ્રદ્ધેય અટલજીને જન્મદિવસ અંતર્ગત શત શત નમન કરતા અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલહતુ.

ગુજરાતમાં ડ્રગ્સ પકડવું એ અભિયાન નહીં પણ એક જંગ છે, યુવાનોની સાથે આપણા પરિવારને પણ ભવિષ્યમાં ડ્રગ્સના દુષણથી સુરક્ષિત કરવા માટે આ ખૂબ જરૂરી-નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગુજરાત પોલીસમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન વિશેષ કામગીરી બદલ કુલ ૩૧ ઉચ્ચ પોલીસ અધિકારીઓને નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'કેન્દ્રીય ગૃહ મંત્રી દક્ષતા પદક' આપી સન્માનિત કરાયા

કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે બે દિવસીય રાજ્ય સ્તરીય કાઈમ કોન્ફરન્સનો સમાપન સમારોહ યોજાયો હતો. બે દિવસની સફળ કોન્ફરન્સ માટે સૌ પોલીસઅધિકારીઓને અભિનંદન આપતા નાયબ મુખ્યમંત્રી શ્રીહર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ડ્રગ્સ પકડવું એ અભિયાન નહીંપણ એકજંગ છે. ગુજરાતના યુવાનોની સાથેઆપણા પરિવારને પણ ભવિષ્યમાં ડ્રગ્સના દુષણથીસુરક્ષિત કરવામાટેનો આ જંગ છે. આપણી ડ્રગ્સ સામેની કાર્યવાહીમાં કોઈપણ બાંધછોડ કરવાની નથી ગુજરાતપોલીસ આ ડ્રગ્સ સામેના જંગમાં સુપ્રાઈ - કડકાઈથીકામ લઈરહી છે તે માટે પોલીસ અધિકારીથી પોલીસ કોન્સ્ટેબલ સુધીના તમામ કર્મયોગીને ખૂબ ખૂબ અભિનંદન. તેમણે કહ્યું હતું કે, આબે દિવસની કોન્ફરન્સમાં જિલ્લાનાએસપીઅને પોલીસ કમિશનરેજે સંશોધનાત્મક પ્રેઝન્ટેશન રજૂ કર્યા છે તેમાં ખૂબ સારા નવા વિષયો સાંકળી લઈને સંસ્થાકીય પ્રયાસોકરવામાં આવ્યા છે,આટીમ વર્કદ્વારા જ શક્ય બને છે. આ પ્રયાસો આગામી સમયમાં અન્ય જિલ્લા અને શહેરોના નાગરિકોના હિતમાંખૂબ મદદરૂપ થશે,આમાંનવીન ટેકનોલોજી અને નવીન અભિગમ દર્શાવવામા આવ્યા છે તે આગામી સમયમાં પોલીસ તંત્રને નવી દિશા આપશે.આ બે દિવસના વિવિધ સત્રમાં થયેલી ચર્ચા અને નવા સૂચનોનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે. શ્રી સંઘવીએ કહ્યું હતું કે, રાજ્યના છેવાડાના નાના અને ગરીબો, મહિલાઓ- માતાઓ, વૃદ્ધો તેમજ અટવાયેલા સૌ નાગરિકોનો આપ એટલે કેગુજરાત પોલીસજ આધાર છે,આતેમનો વિશ્વાસતૂટવો જોઈએ નહીં. તેમની કોઈપણ ફરિયાદને તમેગંભીરતાથી સાંભળશોતો તેની ઉપર જલ્દી અસરકારક કામ થશે. નાગરિકોને સરળતાથી મળવાથી પણ તેમની ઘણી સમસ્યાઓનો હલ આવતો હોય છે. હાલ કરતાં પણ વધુસક્રિય રીતેસમાન્ય નાગરિકને સરળતાથી મળવાનું રાખશો તો નીચેની માહિતી પણ તમને ખૂબ ઝડપી અને સચોટ રીત મળતી થશે જે તમને કાયદો અને વ્યવસ્થા માટે મદદરૂપ થશે. જ્યારે જિલ્લા અને શહેર ના પોલીસ વડા તરીકે તમે બેઠક કરતાહોય ત્યારેછેક નીચેના કર્મચારી પણ તમને દિલથી સાચું છે તે કહેવાની હિંમત કરે ત્યારે જ એકબીજા વચ્ચે આત્મીયતા જળવાશે અને પ્રશ્નોનું જલ્દી નિરાકરણ આવશે. આપણે કર્મચારીને તેની રેકના આધારે નહીં પણ તેના અનુભવના આધારે મૂલવવા જોઈએ. તમની સારી આવડત- સ્કીલનેહંમેશા બિરદાવી જોઈએ. ટીમલીડર તરીકે આપણે હંમેશા તમામ કર્મચારીની સાથે રહેવું જોઈએ તો જ તેને કામ કરવાનો આનંદ- જુસ્સો આવશે. નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીએ અમદાવાદ અને સુરત પોલીસ કમિશનરને ડ્રગ્સ સામેની સારી કામગીરી કરવાબદલ અભિનંદન આપતાં કહ્યું હતું કે, તાજેતરમાં સુરતમાં થયેલી ચર્ચા અને નવા સૂચનોનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે. શ્રી સંઘવીએ કહ્યું હતું કે, રાજ્યના છેવાડાના નાના અને ગરીબો, મહિલાઓ- માતાઓ, વૃદ્ધો તેમજ અટવાયેલા સૌ નાગરિકોનો આપ એટલે કેગુજરાત પોલીસજ આધાર છે,આતેમનો વિશ્વાસતૂટવો જોઈએ નહીં. તેમની કોઈપણ ફરિયાદને તમેગંભીરતાથી સાંભળશોતો તેની ઉપર જલ્દી અસરકારક કામ થશે. નાગરિકોને સરળતાથી મળવાથી પણ તેમની ઘણી સમસ્યાઓનો હલ આવતો હોય છે. હાલ કરતાં પણ વધુસક્રિય રીતેસમાન્ય નાગરિકને સરળતાથી મળવાનું રાખશો તો નીચેની માહિતી પણ તમને ખૂબ ઝડપી અને સચોટ રીત મળતી થશે જે તમને કાયદો અને વ્યવસ્થા માટે મદદરૂપ થશે. જ્યારે જિલ્લા અને શહેર ના પોલીસ વડા તરીકે તમે બેઠક કરતાહોય ત્યારેછેક નીચેના કર્મચારી પણ તમને દિલથી સાચું છે તે કહેવાની હિંમત કરે ત્યારે જ એકબીજા વચ્ચે આત્મીયતા જળવાશે અને પ્રશ્નોનું જલ્દી નિરાકરણ આવશે. આપણે કર્મચારીને તેની રેકના આધારે નહીં પણ તેના અનુભવના આધારે મૂલવવા જોઈએ. તમની સારી આવડત- સ્કીલનેહંમેશા બિરદાવી જોઈએ. ટીમલીડર તરીકે આપણે હંમેશા તમામ કર્મચારીની સાથે રહેવું જોઈએ તો જ તેને કામ કરવાનો આનંદ- જુસ્સો આવશે. નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીએ અમદાવાદ અને સુરત પોલીસ કમિશનરને ડ્રગ્સ સામેની સારી કામગીરી કરવાબદલ અભિનંદન આપતાં કહ્યું હતું કે, તાજેતરમાં સુરતમાં થયેલી ચર્ચા અને નવા સૂચનોનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે. શ્રી સંઘવીએ કહ્યું હતું કે, રાજ્યના છેવાડાના નાના અને ગરીબો, મહિલાઓ- માતાઓ, વૃદ્ધો તેમજ અટવાયેલા સૌ નાગરિકોનો આપ એટલે કેગુજરાત પોલીસજ આધાર છે,આતેમનો વિશ્વાસતૂટવો જોઈએ નહીં. તેમની કોઈપણ ફરિયાદને તમેગંભીરતાથી સાંભળશોતો તેની ઉપર જલ્દી અસરકારક કામ થશે. નાગરિકોને સરળતાથી મળવાથી પણ તેમની ઘણી સમસ્યાઓનો હલ આવતો હોય છે. હાલ કરતાં પણ વધુસક્રિય રીતેસમાન્ય નાગરિકને સરળતાથી મળવાનું રાખશો તો નીચેની માહિતી પણ તમને ખૂબ ઝડપી અને સચોટ રીત મળતી થશે જે તમને કાયદો અને વ્યવસ્થા માટે મદદરૂપ થશે. જ્યારે જિલ્લા અને શહેર ના પોલીસ વડા તરીકે તમે બેઠક કરતાહોય ત્યારેછેક નીચેના કર્મચારી પણ તમને દિલથી સાચું છે તે કહેવાની હિંમત કરે ત્યારે જ એકબીજા વચ્ચે આત્મીયતા જળવાશે અને પ્રશ્નોનું જલ્દી નિરાકરણ આવશે. આપણે કર્મચારીને તેની રેકના આધારે નહીં પણ તેના અનુભવના આધારે મૂલવવા જોઈએ. તમની સારી આવડત- સ્કીલનેહંમેશા બિરદાવી જોઈએ. ટીમલીડર તરીકે આપણે હંમેશા તમામ કર્મચારીની સાથે રહેવું જોઈએ તો જ તેને કામ કરવાનો આનંદ- જુસ્સો આવશે. ઉચ્ચ પોલીસઅધિકારીઓને સહાયે બિર દાવીને આ કોન્ફરન્સમાં સહભાગી થવા સૌને અભિનંદન પણ પાઠવ્યા હતા. ગુજરાત પોલીસમાં વર્ષ ૨૦૨૨,૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન વિશેષ કામગીરીબદલરાજ્યનાકુલ ૩૬ ઉચ્ચ પોલીસ અધિકારીઓની પ્રતિષ્ઠિત 'કેન્દ્રીય ગૃહ મંત્રી દક્ષતા પદક' માટે પસંદગીકરવામાં આવી છે.જેના ભાગરૂપેનાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે આજે ગાંધીનગર ખાતે ઉપસ્થિતકુલ ૩૧ ઉચ્ચ પોલીસઅધિકારીઓને પદક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૨,૨૦૨૩ અને ૨૦૨૪માં કુલ ૧૮માંથી ઉપસ્થિત ૧૫ ઉચ્ચ પોલીસ અધિકારીઓને 'યુનિયન હોમ મિનિસ્ટર્સ મેડલ ફોર એક્સેલન્સ ઈન્વેસ્ટિગેશન એવોર્ડ'થી સન્માનિત કરાયા હતા. જ્યારે વર્ષ ૨૦૨૩ માટે કુલ ૧૮ માંથી ૧૬ ઉચ્ચ પોલીસ અધિકારીઓને 'યુનિયન હોમ મિનિસ્ટર્સ સ્પેશીયલ ઓપરેશન એવોર્ડ'અનાયત કરાયાહતા. આ ઉપરાંત એક મહિલા પોલીસ અધિકારીને 'જીવન રક્ષા પદક-૨૦૨૪' આપીને સન્માનિત કરાયા હતા જે સમગ્ર પોલીસ પરિવારમાટે સન્માનનીયક્ષણ છે. આ સમાપન સમારોહ સીઆઈડી કાઈમ ડીજીપીડો.કે.એલ.એન રાવ, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક, ડા.નીરજા ગોટરુ સહિતના ડીજીપી રેકના અધિકારીશ્રીઓઉપરાંત એડીજીપી, આઈજીપી, ડીઆઈજી તથા એસ.પી રેકના આઈપીએસ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીરે કામની વ્યસ્તતા અને વિવિધ જવાબદારીઓના કારણે ઉપાધ્યક્ષ પદેથી આપ્યું રાજીનામું: પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

કમલમ્,

પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી એ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીરે કામનીવ્યસ્તતાઅને વિવિધ જવાબદારીઓના કારણે ઉપાધ્યક્ષપદેથી રાજીનામુંઆપ્યું છે. ગાંધીનગર ખાતેતમણે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રીશંકરભાઈ ચૌધરીને તેમના નિવાસસ્થાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં રાજીનામું સોંપ્યું હતું. આ રાજીના માનો વિધાનસભાના અધ્યક્ષશ્રીએ સ્વીકાર કર્યો હતો. પ્રવકતા મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, શ્રી જેઠાભાઈ આહીર અમારા સૌનિષ્ઠ સહકારી આગેવાન છે અને તેઓ પંચમહાલ રેડી, નાફેડસહિત અન્ય સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જેથી કામના ભારણ અનેવ્યસ્તતાના લીધેઅગાઉ ઘણી વખત પક્ષમારજૂઆત કરીહતી. આથીપક્ષ દ્વારાતેમની રજૂઆતને ગ્રાહ્ય રાખીને રાજીનામું સ્વીકારવામાંઆવ્યું છે. શ્રી જેઠાભાઈએ આજે રાજીખુશીથી સોહાર્દપૂર્ણ વાતાવરણ માંસ્વેચ્છાએ આ રાજીનામુ આપ્યું છે. તેઓશ્રી સહકારીઆગેવાન સાથેસાદા ધારાસભ્યપણ છે એટલે એ જવાબદારી સુપેરે નિભાવશે. આઉપરાંત શ્રી જેઠાભાઈનું માર્ગદર્શન પક્ષમાં, જાહેર જીવનમાં અને સહકારી ક્ષેત્રે આગેવાન તરીકે જ્યારે જરૂર પડે ત્યારે સદૈવ મળતું રહેશે, તેમ તમણે ઉમેર્યું હતું.

ખેરવા ખાતે 'હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી' નો સંદેશ ગુંજ્યો: ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે યુવાનોને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા આહ્વાન કર્યું

ગણપત યુનિવર્સિટી ખાતે આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન કાર્યક્રમ યોજાયો; ઉપસ્થિત સર્વેએ સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગની પ્રતિજ્ઞા લીધી

'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત @ 2047' ના વિઝન માટે યુવાનોને સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ક્ષેત્રે આગળ આવવા મંત્રીશ્રીનો અનુરોધ

મહેસાણા,

આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગરૂપે સ્વદેશી અભિયાનને વધુ અસરકારક બનાવવા અને યુવાનોમાં જાગૃતિ કેળવવા હેતુથી આજરોજ ગણપતિ યુનિવર્સિટી, ખેરવા ખાતે 'આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન કાર્યક્રમ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ઉર્જામંત્રીશ્રીઋષિકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વદેશી ચીજવસ્તુઓની બનાવટ, પ્રોત્સાહન તથા તેમના વ્યાપક ઉપયોગ દ્વારા દેશની આર્થિક મજબૂતીમાં મહિલાઓ, યુવાઓસહિત સર્વેની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમમાં મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સર્વેએ સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ માટે પ્રતિજ્ઞા લઈ આ સંદેશને જનજન સુધી પહોંચાડવાની સંકલ્પબદ્ધતા વ્યક્ત કરીહતી. આઅવસરે ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે આત્મનિર્ભર ભારતનાવિઝન અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ''આત્મનિર્ભર ભારત''નેપ્રોત્સાહન આપવા માટે 'સ્વદેશી અપનાવો' તથા 'વોકલ ફોર લોકલ' અભિયાનનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ૨૫ સપ્ટેમ્બર થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત જ ૨૦૪૭ ' ના વિઝનને સાકાર આપવા માટે 'ઘર ઘર સ્વદેશી ઘરઘર સ્વદેશી' ની ઝળહળ ચાલી રહીછે, જેમાંઆજનો યુવાન એક મજબૂત પીઢબળ પુરાવે છે. તેમણે વધુમા ઉમેર્યું હતું કે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ માત્ર દેશની અર્થવ્યવસ્થાનેગતિ આપેછે એટલું જ નહીં પરંતુ સ્થાનિક ઉદ્યોગો, કારીગરો અને નાના વેપારીઓને પણ નવી તકો પૂરી પાડે છે. મંત્રીશ્રીએ યુવાનોને સ્ટાર્ટ અપ, મેન્યુફેકચરિંગ અને ઈનોવેશન ક્ષેત્રે આગળઆવીસ્વદેશી વિચારધારાને આત્મસાત કરવાની અપીલ કરી હતી. યુવાનો વિકસિત ભારતની પરિકલ્પના છે: લોક સભા સાંસદશ્રીઓ પ્રસંગે લોક સભા સાંસદશ્રી હરિભાઈ પટેલેયુવાનોને સંબોધનાકરતાજણાવ્યું હતુંકે આવનારી પેઢીવિકસિતભારતની પરિકલ્પના છે, આજના યુવા આવતીકાલનું ભવિષ્ય છે. તેમણે ઉમેર્યું હતું કે સ્વદેશી અભિયાનની પહેલને મજબૂત કરવા રાજ્યના દરેક નાના-મોટા સ્થાળેએ તેને પ્રોત્સાહિત કરવા માટે અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે, જે તેના વિકાસની દિશા સૂચવે છે તેમજ 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત @ 2047' ના પંથને મોકળો કરે છે. સાંસદશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતુંકે સ્થાનિક ઉદ્યોગો, નાના વેપારીઓ, કારીગરો અને સ્વસહાય જૂથોને પ્રોત્સાહન આપવાથી રોજગારીની નવી તકો સર્જાય છે અને દેશ આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધે છે.

આ કાર્યક્રમમાં ગણપત યુનિવર્સિટીના ચેરમેનશ્રી ગણપત પટેલ, અગ્રણી શ્રી જયરાજસિંહ પરમાર, મહેન્દ્રભાઈ શર્મા, દિગ્વિજય દેસાઈ, જીગરભાઈ માળી, મયુર પટેલ સહિત યુનિવર્સિટીનાઅધ્યાપકશ્રીઓતથા મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યાહતા. કાર્યક્રમનાઅંતે મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવો અને યુવાનોએઉત્સાહપૂર્વક સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગ માટે પ્રતિજ્ઞાલઈ, આસંદેશને સમાજના દરેક સ્તર સુધી પહોંચાડવાની સંકલ્પબદ્ધતા વ્યક્ત કરીહતી.

કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મંત્રીશ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીને નિવાસસ્થાને સોંપ્યું રાજીનામું અધ્યક્ષશ્રી શંકરભાઈ એ રાજીનામાનો કર્યો સ્વીકાર.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા.૨૬મીએ અંબિકા તાલુકાના વસરાઈ ખાતે ચાર દિવસીય નેશનલ ટ્રાઈબલ ટ્રેડ ફેરને ખુલ્લો મૂકાશે

તા.૨૬ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન ટ્રાઈબલ ટ્રેડ ફેર: આદિવાસી ખાના-ખજાનાના ૭૦ જેટલા સ્ટોલમાં આદિવાસી વ્યંજનોનો આસ્વાદ માણી શકાશે

આદિવાસી સાહસિકો માટે ઉદ્યોગ વિકસાવવા, લોન સહાય માર્ગદર્શન, પ્રાકૃતિક ખેતી અને સહાય અંગે સેમિનાર

મુખ્યમંત્રીશ્રી સુરત જિલ્લામાં ૩.૬૯૬.૫૩ કરોડના ખર્ચે વિવિધ રસ્તા અને પુલોના કુલ ૧૫ વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત કરશે

કમલમ્, સુરત

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના હસ્તેતા.૨૬મી ડિસેમ્બર સુરત જિલ્લાના અંબિકા તાલુકાના વસરાઈ ખાતે નેશનલ ટ્રાઈબલ ટ્રેડ ફેરને ખુલ્લો મૂકાશે. દિશા ફાઉન્ડેશન અને ધોડિયા સમાજ દ્વારા તા.૨૬ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન ચારદિવસીય ટ્રાઈબલ ટ્રેડ ફેરનું આયોજન કરાયું છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે અને કવિધ વિકાસકામોનું ભૂમિપુજન તથા લોકાર્પણ હાથ ધરાશે. સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ ડા પ્રદીપ ગરાસિયાના માર્ગદર્શન હેઠળ સહયોગી સંસ્થાઓ દ્વારા દિશા ફાઉન્ડેશનના પટાંગણમાં તડામાર તૈયારીઓકરવામાં આવીરહી છે. ૩૦૦ જેટલા વિવિધ સ્ટોલો અને સેમિનાર માટે અલગ અલગ ચાર ડોમ ઊભા કરાયા છે. ટ્રેડ ફેરમાં ૭૦ જેટલા આદિવાસી ખાના-ખજાનાના સ્ટોલમાં આદિવાસી વ્યંજનોનો આસ્વાદ માણવા મળશે.

ચાર દિવસમાં દેશભરના વિવિધ રાજ્યોના આદિજાતિ નૃત્ય પ્રસ્તુતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમો

ટ્રાઈબલ ટ્રેડ ફેરમાં દરરોજ રાત્રિના ૭થી ૧૧ વાગ્યા દરમિયાન દેશભરના આદિવાસી સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમો થશે. જેમાં તા.૨૬ મી એ છત્તીસગઢનું કર્મા નૃત્ય, તૂર નૃત્ય, સિદી નૃત્ય, તા.૨૭મીએ રિઝામ લંગર નૃત્ય (ઝારખંડ), ઘેર નૃત્ય, ડબ્બુ, માદરી નૃત્ય (છત્તીસગઢ), સુવાનૃત્ય ઝારખંડ, તા.૨૮મીએ ધુમડીનૃત્ય તલંગાણા, બિહુ નૃત્ય આસામ, હોળી નૃત્ય મહારાષ્ટ્ર, પાવરી અને વસાવા નૃત્ય રજૂ થશેઅને તા. ૨૯ મીએટીમલી નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો થશે. જેની તડામાર તૈયારીઓથઈ રહી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી સુરત જિલ્લામાં રૂ.૬૯૬.૫૩ કરોડના ખર્ચે વિવિધરસ્તા અને પુલોના કુલ ૧૫ વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત કરશે. દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં રાજ્ય હસ્તકના માર્ગ અને મકાન વિભાગના રૂા.૧૬૨ કરોડના ખર્ચે ૭ જેટલા રોડ-બ્રિજના કામોનું ખાતમુહૂર્ત થશે. આદિવાસી ઉદ્યોગ મંળા દરમિયાન તા.૨૬મી ઉદ્યોગ વિકાસવા અંગે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માર્ગદર્શન, કેપી ગ્રુપના ચેરમેન ફારુક પટેલ દ્વારા બિઝનેસ સમીકરણ વકતવ્યનને મોટીવેટર જય વસાવડા સંબંધોના સમીકરણ વિષય પર માર્ગદર્શન આપશે. તા.૨૭મીએ આદિજાતિ કૃષિકર્ન ગ્રામીણ ઉદ્યોગ સાહસિકતા પર ખેતીવાડી અને બાગાયત વિભાગ માર્ગદર્શન આપશે. તા.૨૯મી એ આંતરરાષ્ટ્રીય બજાર અંગે સેમિનાર યોજાશે.

ગુજરાતના જંગલો અને અરવલ્લી પહાડીઓના રક્ષણ માટે રાજ્ય સરકાર હરહંમેશ કટિબદ્ધ: વન મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા

રાજ્યના અરવલ્લી પર્વતમાળા વિસ્તારમાં આજ સુધી ક્યારેય ખનન કે વ્યાપારી પ્રવૃત્તિઓને મંજૂરી આપી નથી અને ભવિષ્યમાં પણ આપવામાં નહીં આવે: વન અને પર્યાવરણ મંત્રીશ્રી

- **અરવલ્લી પર્વતમાળાના સંરક્ષણ માટે સુપ્રીમ કોર્ટના આદેશોનું રાજ્ય સરકાર ચુસ્તપણે પાલન કરશે**
- **'અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ' હેઠળ ચાલુ વર્ષે ૪,૪૨૬ હેક્ટરમાં ૮૬.૮૪ લાખ વૃક્ષોનું વાવેતર કરાયું**
- **આગામી વર્ષે પણ ૪,૮૯૦ હેક્ટરમાં વૃક્ષારોપણ અને સંરક્ષણની કામગીરી કરવામાં આવશે**

કમલમ્,

ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢ વાડિયાએ અરવલ્લી પહાડીઓના સંરક્ષણ અને ટકાઉ વિકાસ અંગે રાજ્ય સરકારનો મક્કમનિર્ધાર વ્યકતકરતાજણાવ્યું હતું કે, ગુજરાત સરકાર રાજ્યનાં વનવિસ્તારો અનેપર્યાવરણીય રીતે સંવેદનશીલ ક્ષેત્રોને બચાવવા માટે સંપૂર્ણરીતે પ્રતિબદ્ધ છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ફેલાયેલી અરવલ્લીની પર્વતમાળાઅને તેના જંગલ વિસ્તારોમાં રાજ્ય સરકારે આજસુધીક્યારેય ખનનની મંજૂરી આપી નથી અને ભવિષ્યમાં પણ ખનનની પ્રવૃત્તિનેમંજૂરી આપવામાં આવશેનહીં. મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં ઉમેર્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગુજરાત સરકાર અરવલ્લી પહાડીઓની નવી વ્યાખ્યા અને સંરક્ષણના તમામ પાસાઓનો અમલ કરી રહી છે. જે મુજબ, સ્થાનિક ભૂતળથી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા તમામ ભૂ-આકારોને 'પર્વત' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે, જેથી કોઈ કાયદાકીય છટકબારી ન રહે. આ ઉપરાંત, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા બે અથવા વધુ પર્વતોની વચ્ચેના ૫૦૦ મીટર સુધીના તમામ વિસ્તારને પણ અરવલ્લી પર્વતમાળાનો જ ભાગ ગણવામાં આવશે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સંરક્ષિત વિસ્તારો, ઈકો-સેન્સિટિવ ઝોન્સ, રિઝર્વ એરિયા, વેટલેન્ડ્સઅને કેમ્પા (CAMPA) વાવેતર સાઈટ્સ જેવા 'કોર અને ઈનવાયલેટ' ઝોન્સમાં ખનન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય વિકાસની સાથેપર્યાવરણનું જતનકરવાનો છે, જેથી ભાવિ પેઢીને સુરક્ષિત અને હરિયાળું ગુજરાત મળી શકે. અરવલ્લી પર્વતમાળા એ માત્ર પહાડોનો ડુંગરો નથી, પરંતુ તે રણનેઆગળવધતુંઅટકાવવા માટે કુદરતી અવરોધનીકે કામકરે છે અને ભૂગર્ભ જળના રિચાર્જ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. મંત્રીશ્રીએ 'અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ'નો ઉલ્લેખ કરતાજણાવ્યું હતુંકે, આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના સાબરકાંઠા,અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લાના કુલ ૩,૨૫,૧૧૧ હેક્ટર વન વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગ્રીન કવર વધવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૪,૪૨૬ હેક્ટર વિસ્તારમાં ૮૬.૮૪ લાખ સ્થાનિક પ્રજાતિના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૧૫૦ હેક્ટર વિસ્તારમાંથી ગાંડા બાવળ અને લેન્ટાના જેવીઆક્રમકવનસ્પતિઓ દૂર કરવામાં આવી છે. આગામી વર્ષે ૨૦૨૬-૨૭ દરમિયાન આ પ્રોજેક્ટ હેઠળ આશરે ૪,૮૯૦ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ અને સંરક્ષણની કામગીરી કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ અંતમાં ઉમેર્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ યોજાયો

પ્રધાનમંત્રીશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં યુવા છાત્રોના કૌશલ્ય અને જ્ઞાનની મહત્વની ભૂમિકા : શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા

-: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી :-

- શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે અને તેમના જીવન નિર્માણની જવાબદારી પણ ઉપાડે એ આચાર્ય
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં વિદેશીઓ અભ્યાસ કરવા માટે આવી રહ્યાં છે, જે ગૌરવપૂર્ણ બાબત છે
- અભ્યાસમાં જાણકારીની સાથે વિવિધ કલાઓનો પણ સમાવેશ થતાં યુવાનો ભણતર ઉપરાંત પોતાના આગવા કૌશલ્યો વિકસાવીને રોજગારી મેળવી શકે છે

૧૪ વિદ્યાશાખાના ૧૬૦ વિદ્યાર્થીઓને ૧૭૮ ગોલ્ડ મેડલ એનાયત કરાયા: ૧૮૬ વિદ્યાર્થીઓને ૨૭૧ પ્રાઈઝ અપાયા

કમલમ્, રાજકોટ

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતા અને શિક્ષણમંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં આજે રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૬૦મો પદવીદાન સમારોહ યોજાયો હતો. કાનજી ભુટ્ટાબારોટ રંગમંચ ખાતે 'સ્વદેશી અપનાવો, સ્વદેશી બિરદાવો'ની થીમ સાથે યોજાયેલ આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વિદ્યાથીઓ અને ગુરુજનોએ પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે, જેના પરિણામે વિદ્યાથીઓ અભ્યાસ પૂર્ણ કરીને પદવી મેળવી શક્યા છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યાનું ઘણું મહત્વ છે. વિદ્યાથી મોટું કોઈ દાન નથી. શિષ્યોને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય એ ગુરુ. આપણી પ્રાચીન શિક્ષણ પરંપરામાં ગુરુ માટે આચાર્ય શબ્દ પણ વપરાયો છે. જે શિષ્યોને ફક્ત અક્ષરજ્ઞાન નથી આપતા, પરંતુ તેની સાથેસાથે શિષ્યોના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરે, તેમના જીવન નિર્માણની જવાબદારી પણ ઉપાડે છે, એ આચાર્ય. પ્રાચીન કાળમાં ભારત અનેક વિદ્યાઓથી સમૃદ્ધ દેશ હતો. લોકો શિક્ષા પ્રાપ્ત કરવામાટે ભારતમાં આવતાં હતાં. વર્તમાન સમયમાં દેશ આ જૂની પરંપરા સાથે કદમ મિલાવી રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં વિદેશીઓ અભ્યાસ કરવા માટે આવી રહ્યાં છે, જે ગૌરવપૂર્ણ બાબત છે. નવી શિક્ષણ નીતિમાં કૌશલ્ય પર પણ ભાર અપાયો છે. અભ્યાસમાં જાણકારીની સાથે વિવિધ કલાઓનો પણ સમાવેશ થતાં યુવાનો ભણતર ઉપરાંત પોતાના આગવા કૌશલ્યો વિકસાવીને પણ રોજગારી મેળવી શકે છે, તેમ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું. યુવાનોએ ખૂબ મહેનત કરીને મનગમતી પદવી પ્રાપ્ત કરી છે ત્યારે તેઓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સહયોગી બને તેમજ માતા-પિતા અને ગુરુજનોના જીવનમાં સહાયરૂપ બને, તેમ જણાવી રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી. પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજાએ પદવી પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, યુનિવર્સિટી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું કાર્ય કરે છે. જ્યારે માતા-પિતા-ગુરુ વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરવાનું કાર્ય કરે છે. દીક્ષાંત એ અંત નહી, પરંતુ દેશ પ્રત્યે ફરજ અને જવાબદારી નિભાવવાનો પ્રારંભ છે, તેમ શીખ આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના વિઝનને પરિપૂર્ણ કરવામાં વિદ્યાર્થીઓ તેમના જ્ઞાનના ભંડારનો સદુપયોગ કરી સહભાગી બને. યુવા વિદ્યાર્થીઓને 'જોબ સિકર નહીં પરંતુ જોબ ગીવર' બનવાની પ્રેરણા આપતાં મંત્રીશ્રી પ્રદ્યુમનભાઈએ સ્વદેશી અને 'આત્મનિર્ભર' ભારતના સ્વપ્નને ચરિતાર્થ કરવામાં સમર્પિત બનવા પણ આહવાન કર્યું હતું. રાજ્યપાલશ્રીની અનુમતિ બાદ આ કાર્યક્રમનો દીપપ્રાગટ્યથી આરંભ કરાયો હતો. મહાનુભાવોને સ્મૃતિ ચિહ્ન આપીને આવકાર અપાયો હતો. કુલપતિશ્રી ડૉ. ઉત્પલભાઈ જોશીએ શાબ્દિક પ્રવચન કર્યું હતું. શિક્ષણ શાખાના ડીન શ્રી ડૉ. નીદત્ત બારોટ અને કુલસચિવ શ્રી મનીષ ધામેચાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી ડો. ધારાબેન જોશી અને શ્રી ડો. ચંદ્રાવાડીયાએ કર્યું હતું. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. ઉલ્લેખનીય એ છે કે, આ કાર્યક્રમમાં કુલ ૪૩,૭૯૨ વિદ્યાર્થીઓને પદવી અપાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દાતાઓના સહયોગથી ૧૮૬ વિદ્યાર્થીઓને ૨૭૧ પ્રાઈઝ અપાયા હતાં. તેમજ વિદ્યાર્થીનીઓને ૧૨૯ ગોલ્ડમેડલ તથા વિદ્યાથીઓને ૪૯ ગોલ્ડ મેડલ એમ ૧૪ વિદ્યાશાખાના ૧૬૦ વિદ્યાર્થીઓને કુલ ૧૭૮ ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતાં. આ દીક્ષાંત સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતી પ્રવીણાબેન રંગાણી, કલેક્ટર શ્રી ડૉ. ઓમ પ્રકાશ, પરીક્ષા નિયામકશ્રી મનીષ શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટના સભ્યો, વિવિધ વિદ્યા શાખાઓના ડીન, પ્રોફેસર્સ તથા વિદ્યાર્થીઓ, બિન શૈક્ષણિક સ્ટાફ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા ભાજપ કમલમ ખાતે સુશાસન દિવસ અંતર્ગત શ્રદ્ધેયશ્રી અટલજીની ૧૦૧મી જન્મજયંતી નિમિતે જીવન ચરિત્રની પ્રદર્શની સાથે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો

જીલ્લા ભાજપ દ્વારા જીલ્લાના તમામ મંડલ મથકોએ અટલજીની જન્મજયંતી 'સુશાસન દિવસ પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો

ચલો એક દિપ જલાયે વહા, જહા અભી ભી અંધેરા હે : જીતા જાગતા રાષ્ટ્રપુરુષ એટલે અટલજી.

કમલમ્,

જીવન મુલ્યોનુ જીવંત ઉદાહરણ પ્રેરણા પુરુષ રાષ્ટ્રવાદી પ્રખર અને ભારતરત્ન પૂર્વ પ્રધાનમંત્રી શ્રદ્ધેયશ્રી અટલ બિહારી બાજપેયીજીના જન્મદિવસ નિમિત્તે રાજકોટ જીલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભા, શ્રી રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતીમાં રાજકોટ જીલ્લા ભાજપા કાર્યાલય તથા ઉપલેટા શહેર/તાલુકા, ભાયાવદર શહેર, ધોરાજી શહેર/તાલુકા, જેતપુર શહેર/તાલુકા, જામકંડોરણા તાલુકા, ગોંડલ શહેર/તાલુકા, કોટડાસાંગાણી, લોધિકા તાલુકા, રાજકોટ તાલુકા, પડધરી તાલુકા, જસદણ શહેર/તાલુકા, વિછીંયા તાલુકામાં પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મંત્રીશ્રીઓ વલ્લભભાઈ શેખલીયા, શ્રી મનોજભાઈ રાઠોડ, શ્રી સીમાબેન જોશી, શ્રી વિશાલભાઈ ફાગલીયા, જીલ્લા ઓબીસી મોરચા પ્રમુખશ્રી નવીનપરી ગૌસ્વામી, જીલ્લા મહિલા મોરચા મહામંત્રીશ્રી વર્ષાબેન ખુંટ, જીલ્લા ડોક્ટર સેલ કન્વીનર શ્રી દીપકભાઈ પીપળીયા, શ્રી ધર્મેશભાઈ વસંત, જીલ્લા આગેવાનો શ્રી પરસોત્તમભાઈ સાવલિયા, શ્રી નીતિનભાઈ ઢાંકેચા, શ્રીમોહનભાઈ ખુંટ, શ્રી નીતિનભાઈ સગપરીયા, શ્રી વિનુભાઈ પરમાર, શ્રી ગીરીશભાઈ પરમાર, રાજકોટ તાલુકા પ્રમુખશ્રી કેયુરભાઈ ઢોલરીયા, મહામંત્રીશ્રીઓ વિપુલભાઈ બસિયા, શ્રી અજયભાઈ મકવાણા, શ્રી મીનાબેન લુણાગરીયા, શ્રી જયભાઈ સાગઠીયા, શ્રી મનોજભાઈ કાછડિયા, શ્રી બલુભાઈ નસીત, શ્રી ભરતભાઈ ડાભી, શ્રી હરેશભાઈ મકવાણા, શ્રીચેતનભાઈ કથીરીયા, શ્રી પ્રકાશભાઈ કાકડિયા સહીતના જીલ્લા તથા મંડલના કાર્યકર્તાઓ જોડાયા હતા. આ પ્રસંગે જીલ્લા ભાજપ મંત્રીશ્રી સીમાબેન જોશી તથા ડોક્ટર સેલ કન્વીનરશ્રી ડો. દિપકભાઈ પીપળીયાએ આદરણીય અટલજીની કવિતાનું ગાન કર્યુ હતું. આ પ્રસંગે જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, આદરણીયશ્રી અટલજી જેઓ નાનપણથી જ જમણેરી વિચારધારા તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેમણે લોકશાહીના મુલ્યોના જતન માટે કામગીરી કરી છે. જેઓ ભારતીય લોકશાહીને વિશ્વમાં લોકશાહી ગૌરવ અપાવવા માટે હંમેશા કટિબદ્ધ રહ્યા. વાજપેયી એક શ્રેષ્ઠ સાંસદ અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા હતા. પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર એકમાત્ર બિન-કોંગ્રેસી વડાપ્રધાન, અટલ બિહારી વાજપેયી ૧૯૯૯-૨૦૦૪માં તેઓ ત્રણ વખત દેશના વડાપ્રધાન પદે રહ્યા હતા. નોંધનીય છે કે ૧૯૯૯-૨૦૦૪માં તેમણે પૂરા પાંચ વર્ષ સુધી પોતાના વડાપ્રધાનનો કાર્યકાળ પૂરો કર્યો હતો. આ સાથે જ વાજપેયીજી પાંચ વર્ષની ટર્મ પૂર્ણ કરનાર સૌપ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન બન્યા હતા. તેઓ ખૂબજ સરળ સ્વભાવના હતા. અટલ બિહારી વાજપેયીના પિતા ક્રિષ્નાબિહારી વાજપેયહતા. તેમને મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં જન્મ ૨૫, ડિસેમ્બર ૧૯૨૪નો રોજ થયો હતો. તેમણે ગ્વાલિયરની વિક્ટોરિયા કોલેજ (હાલની લક્ષ્મીબાઈ કોલેજ)માં અને પછી ઉત્તરપ્રદેશ સ્થિત કાનપુરની ડી.એ.વી કોલેજમાં અભ્યાસ કર્યો. તેમણે પોલીટિકલ સાયન્સ સાથે એમ.એ.ની ડિગ્રી મેળવી. શરુઆતથી સામાજિક કાર્યોમાં રસરુચિ. વાજપેયી વ્યવસાયે પત્રકાર હતાં અને કવિતા લેખન પ્રત્યે રસરુચિ હતી. જોકે વાજપેયીની ડેસ્ટિની રાજનીતિ તરફ જઈ રહી હતી. વધુમાં જીલ્લા મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વાજપેયીએ વડાપ્રધાન તરીકે ત્રણ વખત નૃત્ત્વ સંભાળ્યું હતું જેમાં પ્રથમ વખત - ૧૬ મે ૧૯૯૬ થી ૧ જૂન ૧૯૯૬ સુધી, દ્વિતીય વખત - ૧૯ માર્ચ ૧૯૯૮ થી ૨૬ એપ્રિલ ૧૯૯૯ સુધી, તૃતીય વખત - ૧૩ ઓક્ટોબર ૧૯૯૯ થી ૨૨ મે ૨૦૦૪ સુધી. અટલ બિહારી વાજપેયી હિન્દી કવિ, પત્રકાર અને પ્રખર વક્તા પણ છે. ભારતીય જનસંઘની સ્થાપનામાં તેમની ભૂમિકા ખૂબ જ મહત્વની હતી. ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી જનસંઘના અધ્યક્ષ પણ રહ્યાં. જિંદગીભર રાજનીતિમાં સક્રિય રહેલા અટલ બિહારી વાજપેયી લાંબા સમયસુધી રાષ્ટ્રધર્મ, પાંચજન્ય અને વીર અર્જુન સહિતના સામયિકના સંપાદક પણ રહ્યાં. વાજપેયી રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સમર્પિત પ્રચારક રહ્યાં અને આ નિષ્ઠાના કારણે એમણે જીવનભર અવિવાહિત રહેવાનો સંકલ્પ કર્યો. સર્વોચ્ચ પદ પર પહોંચવા સુધી એમણે પોતાનો સંકલ્પ નિષ્ઠાપૂર્વક નિભાવ્યો. જેઓનો મંત્ર હતો ચલો એક દિપ જલાયે વહા, જહા અભી ભી અંધેરા હે : જીતા જાગતા રાષ્ટ્રપુરુષ એટલે અટલજી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ તથા આભારવિધિ જીલ્લા મહામંત્રીશ્રી રવિભાઈ માંકડિયાએ કરી હતી. તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયાઇન્ચાજશ્રી રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઇન્ચાજશ્રી પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

અન્ન, નાગરિક પુરવઠા વિભાગના કેબિનેટમંત્રીશ્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડાની ઉપસ્થિતિમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ' ઉજવાયો

ગ્રાહક જાગૃતિ સંબંધિત કેલેન્ડર (વર્ષ ૨૦૨૬) અને લીગલ મેટ્રોલોજી ટેક્નિકલ મેન્યુઅલનું વિમોચન કરાયું

ગ્રાહક જાગૃતિ અંગેના વિવિધ પાસાઓ અને કાયદાકીય જોગવાઈઓ વિશે નાગરિકોને જાગૃત કરાયા

વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટે ગ્રાહકોનું સશક્તિકરણ અનિવાર્ય :- કેબિનેટ મંત્રીશ્રી શ્રી રમણભાઈ સોલંકી

કમલમ્,

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને રાજ્યમંત્રીશ્રી પૂનમચંદ બરંડાની ઉપસ્થિતિમાં ૨૪ ડિસેમ્બરે અમદાવાદમાં 'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ડિજિટલ ન્યાય દ્વારા કાર્યક્ષમ અને ઝડપી નિકાલ('Efficient and Speedy disposal through Digital Justice') ની થીમ સાથે ઉજવાયેલા 'ગ્રાહક સુરક્ષા દિવસ' કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાનો અને ડિજિટલ માધ્યમો દ્વારા તેમની ફરિયાદોનું ઝડપી નિવારણ લાવવાનો હતો. આ કાર્યક્રમમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરાયેલ ગ્રાહક જાગૃતિને લગતા કેલેન્ડર (વર્ષ ૨૦૨૬) નું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સાથે જ, લીગલ મેટ્રોલોજી ટેક્નિકલ મેન્યુઅલનું પણ આ પ્રસંગે વિમોચન કરવામાં આવ્યું હતું. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના કેબિનેટ મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ ગ્રાહક સુરક્ષાના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણ માટે ગ્રાહકોનું સશક્તિકરણ અનિવાર્ય છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણે સૌ જીવનના રોજબરોજના વ્યવહારમાં કોઈને કોઈ વસ્તુની ખરીદી કરીએ છીએ, તેથી આપણે સૌ એક ગ્રાહક છીએ અને ગ્રાહક સુરક્ષા એ આપણી સૌની સ્વતંત્રતાની અભિવ્યક્તિ છે. ભારત સરકાર દ્વારા ૧૯૮૬માં ગ્રાહકોને સુરક્ષા અને રક્ષણ આપવા માટે કાયદો લાવવામાં આવ્યો હતો, ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ કાયદામાં મહત્વના સુધારા કરીને ગ્રાહક અધિકારોને નવી ઊંચાઈ આપવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર ગ્રાહકોને પૂરતો ન્યાય મળે તથા તેમના હક્કોની સુરક્ષામાટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. વધુમાં મંત્રીશ્રીએ ગ્રાહક જાગૃતિના આધુનિક અભિગમપર ભારમૂકતા જણાવ્યું હતું કે, હવે આપણે ડિજિટલ યુગમાં પ્રવેશ્યા છીએ ત્યારે ગ્રાહકો પોતાના ડિજિટલ પ્લેટફોર્મ અને હેલ્પલાઈન નંબર દ્વારા પણ ફરિયાદ નોંધાવીને ન્યાય મેળવી શકે છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં આશરે ૧૨,૭૫૦ જેટલા ગ્રાહકોએ પોતાની ફરિયાદો બાબતે હકારાત્મક માર્ગદર્શન મેળવ્યું છે. સરકારે ૪૧ જેટલા માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોને નાની-મોટી આર્થિક મદદ કરીને ગ્રાહક જાગૃતિના અભિયાનને વેગ આપ્યો છે. મંત્રીશ્રીએ આહવાન કર્યું હતું કે આગામી સમયમાં દરેક તાલુકા મથકોએ શિબિરો અને સેમિનારો યોજાય જેથી ગ્રાહકોમાં જાગૃતિ વધે અને ગ્રાહકોને સંતોષ મળે. આપણે સૌ સાથે મળીને સરકારના આ ભગીરથ પ્રયત્નને સફળ બનાવીએ અને 'જાગો ગ્રાહક જાગો'ના સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરીએ તેવી તેમણે અપેક્ષા વ્યક્ત કરી હતી. ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણીના કાર્યક્રમમાં રાજ્ય મંત્રી શ્રી પૂનમચંદ બરંડાએ ગ્રાહક સુરક્ષાને લોકશાહીનો મજબૂત સ્તંભ ગણાવતા જણાવ્યું હતું કે, ગ્રાહક સુરક્ષા એ માત્ર કાયદાકીય બાબત નથી પરંતુ રાષ્ટ્રના આર્થિક અને સામાજિક વિકાસ સાથે સીધી જોડાયેલી છે. તેમણે ઉમેર્યું કે, ભારત સરકાર દ્વારા ૧૯૮૬ના કાયદા બાદ વર્ષ ૨૦૧૯માં નવો ગ્રાહક સુરક્ષા અધિનિયમ લાવીને ઈ-કોમર્સ અને ડાયરેક્ટ સેલિંગ જેવી આધુનિક જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે ગ્રાહકોને રક્ષણ, માહિતી અને પસંદગીનો અધિકાર આપે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં તાલુકા સ્તરે મામલતદારશ્રી અને જિલ્લા સ્તરે કલેક્ટરશ્રીને ગ્રાહક અધિકારી તરીકેની જવાબદારી સોંપી ફરિયાદોનું ઝડપી નિવારણ લાવવામાં આવી રહ્યું છે. વધુમાં, મંત્રીશ્રીએ નવી પેઢીના ઘડતર પર ભારમૂકતા જણાવ્યું કે, 'કન્ઝ્યુમર ક્લબ'યોજના દ્વારા શાળાઓ અને કોલેજોના લાખો વિદ્યાર્થીઓને બાળપણથી જ ગ્રાહક અધિકારોની સમજ આપવામાં આવી રહી છે, જેથી તેઓ આવતીકાલના જવાબદાર નાગરિક બની શકે. તેમણે ગ્રાહક જાગૃતિની સાથે 'સ્વદેશી અભિયાન' અને 'વોકલ ફોર લોકલ'ને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. મંત્રીશ્રીએ ગાંધીજીના શબ્દોને ટાંકી જણાવ્યું હતું કે "ગ્રાહક એ બજારનો રાજા છે" અને સ્વદેશી વસ્તુઓ અપનાવવી એ માત્ર ખરીદી નથી પરંતુ રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિ છે, જેનાથી છેતરપિંડીથી બચી શકાય છે અને દેશની આર્થિક શક્તિમાં વધારો થાય છે. કાર્યક્રમમાં બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડના નિયામક શ્રી સુમિત સેંગર અને અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના પ્રમુખ (ઈ. ચા) શ્રી એ.બી. પંચાલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

મહાનુભાવોએ ગ્રાહકોના અધિકારો, ગ્રાહક સુરક્ષા સંબંધિત કાયદાઓ, ન્યાય મેળવવા માટે ઉપલબ્ધ ડિજિટલ માધ્યમો અને વિવિધ અન્ય પ્લેટફોર્મ, કન્ઝ્યુમર હેલ્પલાઈન, કેમ્પ્લેઈન રિડ્રેસલ, રાષ્ટ્રીય માનકો અને માનકો આધારિત ઉત્પાદનો સહિતની બાબતો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદના ચેરમેન શ્રી સુનિલ પારેખે સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. "જાગૃત ગ્રાહક, જાગૃત રાષ્ટ્ર"ના મંત્ર સાથે ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, મદદનીશ

'કન્ઝ્યુમર ક્લબ' યોજના દ્વારા શાળાઓ અને કોલેજોના લાખો વિદ્યાર્થીઓને બાળપણથી જ ગ્રાહક અધિકારોની સમજ આપવામાં આવી રહી છે :- રાજ્ય મંત્રીશ્રી પૂનમચંદ બરંડા

નિયંત્રક, કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરી, અમદાવાદ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અમદાવાદ સ્થિત સરદારધામ ખાતે ઉજવાયેલા કાર્યક્રમ દરમિયાન ગ્રાહક જાગૃતિ અંગેના વિવિધ પાસાઓ અને કાયદાકીય જોગવાઈઓ વિશે વિવિધ સ્ટોલ્સ દ્વારા તેમજ કાર્યક્રમ દરમિયાન વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ' ઉજવણી કાર્યક્રમમાં અમદાવાદના નિવાસી અધિક કલેક્ટરશ્રી ભાવિન સાગર, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના નાયબ સચિવ (ગ્રાહકોની બાબતો) શ્રી કિંજલ થોરાટ, અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના સભ્ય સુશ્રી વાય.ટી. મહેતા, અમદાવાદ જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી દીનતા કથીરીયા તથા અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ, વિવિધ સંસ્થાઓ અને મંડળોના પ્રતિનિધિઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gidc, Sector-28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028